પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨ | ૧૩ એપ્રિલ, ૨૦૧૭, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યભરમાં કાળઝાળ ગરમી



## સુરેન્દ્રનગરમાં પારો ૪૫ પર પહોંચ્યો : ગાંધીનગર, ઇડર, રાજકોટ, ભુજ, કંડલા પોર્ટ, કંડલા એરપોર્ટ ખાતે તાપમાન ૪૪થી ઉપર પહોચ્યું : હિટવેવની ચેતવણી : તીવ્ર ગરમીના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું

અમદાવાદ,તા. ૧૨

તીવ્ર હિટવેવની ચેતવણી વચ્ચે આજે અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ રહ્યો હતો. આગઝરતી ગરમીના પરિણામ સ્વરુપે જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. મોટાભાગના વિસ્તારોમાં આજે પારો ૪૪થી ઉપર રહ્યો હતો. સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૫ સુધી પહોંચી ગયું હતું. આગામી બે દિવસ માટે તીવ્ર હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે જેથી મહત્તમ તાપમાનમાં હજુ ઉલ્લેખનીય વધારો થઈ શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં લોકોની હાલત કફોડી બનવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. અમદાવાદમાં પણ તીવ્ર તાપનો અનુભવ લોકોએ કર્યો હતો. રાજ્યના જે ભાગમાં પારો આજે ૪૪ અને તેનાથી ઉપર રહ્યો છે તેમાં ગાંધીનગરમાં ૪૪, ઈડરમાં ૪૪.૪, રાજકોટમાં ૪૪, ભુજમાં ૪૪.૨, કંડલા એરપોર્ટ ૪૪.૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું જેથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદ શહેરમાં પણ આજે તીવ્ર ગરમીના કારણે લોકોની કફોડી હાલત રહી હતી. બપોરના ગાળામાં લોકો ઘરેથી બહાર નિકળ્યા ન હતા. રસ્તા સુમસામ દેખાયા હતા. બીજી બાજુ સામાન્ય મજુરી કરતા લોકોની હાલત કફોડી રહી હતી. પાટનગર ગાંધીનગરમાં પણ મહત્તમ તાપમાન ૪૪ સુધી પહોંચ્યું હતું. આ સ્થિતિમાં હાલ કોઈ સુધારા થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમદાવાદ સહિત રાજ્યના ઘણા ભાગોમાં યલો એલર્ટની જાહેરાત કરવામાં આવીછે. ૪૩થી ૪૫ ડિગ્રી વચ્ચે ઓરેન્જ એલર્ટ કરવામાંઆવે છે જ્યારે ૪૫ ડિગ્રીથી વધુ તાપમાન થવાની સ્થિતિમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાંઆવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલમાં મુકવામાં આવેલા હિટવેવ એક્શન પ્લાન હેઠળ શહેરમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ હોસ્પિટલોમાં હિટસ્ટ્રોકના દર્દીઓની સારવાર માટે ખાસ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે જ ૧૦૮ સેવાને સાથે પણ સંકલન કરવામાં આવ્યું છે જેથી કરીને દર્દીઓને સમયસર સારવાર માટે હોસ્પિટલ લઈ જઈ શકાય. સેવા વસ્તીઓમાં કોર્પોરેશન તરફથી પીવાના પાણી માટે મોબાઈલ પરબનો પણ આરંભ કરવામાં આવ્યો છે. રાજ્યમાં આવનારા ૪૮ કલાકની અંદર સૌરાષ્ટ્ર કચ્છ, દક્ષિણ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### યુપીમાં ૨૦ સનદી અધિકારીઓ બદલાયા

ઉત્તરપ્રદેશ સરકારે ૨૦ વરિષ્ઠ સનદી અધિકારીઓના બદલીના હુકમો કરતા વહીવટી તંત્રમાં વ્યાપક ફેરફારો થયા છે. મૃત્યુંજય કુમાર નારાયણ મુખ્યમંત્રીના સચિવ તરીકે નિમાયા છે.

### બેંક એકાઉન્ટને આધાર સાથે ૩૦મી સુધી જોડવું

આવકવેરા વિભાગ દ્વારા જાહેર કરાયું છે કે ૩૦મી એપ્રિલ સુધીમાં ખાતાધારકોએ કેવાયસી દસ્તાવેજ જમા કરાવી દેવા પડશે. આ ઉપરાંત આધારકાર્ડ સાથે જોડવાનું પણ ફરજીયાત બનાવાયું છે.

### આઈપીએલ-૧૦માં અનોખો રેકોર્ડ

મંગળવારે રાત્રે રમાયેલી ધમાકેદાર મેચમાં દિલ્હીની ટીમે પુણે સામે ભવ્ય વિજય મેળવ્યો હતો. આઈપીએલના કોઈ ટીમના તમામ બેટસમેન કેચ આઉટ થયા હોય તેવો પહેલો બનાવ છે.

### રદ નોટો બદલવા એક તકનો સુપ્રિમનો સંકેત

રદ થયેલ ૫૦૦ અને ૧૦૦૦ની જુની નોટો બદલવા માટે જુલાઈ માસમાં વધુ એક તક આપવા સુપ્રિમ કોર્ટે બુધવારે સુનાવણી દરમિયાન સંકેત આપ્યો હતો. જો કે આરબીઆઈનો જવાબ કોર્ટને જણાવાયો નથી.

# બજેટ સત્ર અનિશ્ચિતકાળ માટે સ્થગિત

## અનેક બિલ પસાર : સત્રમાં લોકસભાની ઉત્પાદકતા ૧૧૩.૨૭ ટકા અને રાજ્યસભાની ૯૨.૪૩ ટકા રહી : કરવેરા સુધાર માટે ઐતિહાસિક જીએસટી બિલોને લીલીઝંડી



નવી દિલ્હી,તા. ૧૨

સંસદનું બજેટ સત્ર આજે અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન જ્યાં જીએસટી સહિત અનેક મહત્વપૂર્ણ બિલ પસાર કરવામાં આવ્યા હતા. બીજી બાજુ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે સામાન્ય બજેટને છેલ્લા નાણાંકીય વર્ષમાં પસાર કરવા અને રેલવે બજેટમાં સામાન્ય બજેટમાં મર્જ કરવા જેવી નવી સાંસદીય પરંપરાઓની શરૂઆત પણ થઈ હતી. સત્રની લોકસભાની ઉત્પાદકતા ૧૧૩.૨૭ ટકા અને રાજ્યસભાની ૯૨.૪૩ ટકા રહી હતી. આ વખતે ૩૧મી જાન્યુઆરીના દિવસે સંસદના

● અનુસંધાન પાન-૭ પર

# માલ્યા સામે બિનજામીનપાત્ર વોરંટ : સકંજો વધારે મજબૂત

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હી કોર્ટે વિવાદોમાં ઘેરાયેલા કારોબારી વિજય માલ્યાસામે આજે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું. ફોરેન એક્સચેંજ રેગ્યુલેશન એક્ટ ભંગના મામલામાં સમન્સને ટાળવાના કેસમાં વિજય માલ્યા સામે વોરંટ જારી કરવામાં આવ્યોછે.ચીફ મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ સુમિત દાસે આ મુજબનો આદેશ કર્યો હતો. અગાઉ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રજૂઆત કરી હતી કે, ગયા વર્ષે કોર્ટ દ્વારા ચોથી નવેમ્બરના દિવસે જારી કરવામાં આવેલા બિનજામીનપાત્ર વોરંટને હજુ સુધી અમલી કરી શકાયું નથી. આને વધારે સમયની જરૂર છે. ઓપન એન્ડેડ નોનબેલેબલ વોરંટમાં અમલીકરણના મામલામાં કોઈ સમયમર્યાદા રાખવામાં આવતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# યોગી દિલ્હી એમસીડીની ચૂંટણી માટે પ્રચાર કરશે

## કાર્યકરોમાં ભારે ઉત્સાહ : ૧૯ અને ૨૦મીએ દિલ્હીમાં યોગીની જનસભાઓ થશે : એમસીડી ચૂંટણી પહેલા માહોલ કેસરિયો બનાવવાના પ્રયાસ : યોગી માત્ર જનસભા કરશે



નવી દિલ્હી,તા. ૧૨

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ ૧૯ અને ૨૦મી એપ્રિલના દિવસે બે દિવસ દિલ્હીમાં જનસભા કરનાર છે. ભાજપના સુત્રોએ કહ્યુ છે કે તેઓ દિલ્હીમાં માત્ર જનસભા જ કરશે રોડ શો કરશે નહી. બે દિવસમાં તેમની ત્રણ અથવા તો ચાર જનસભા રહેશે. ભાજપની યોજના આક્રમક રહેલી છે. યોગીની જનસભા એવા વિસ્તારમાં કરવામાં આવશે જ્યાં ઉત્તરપ્રદેશ અને બિહારના લોકો વધારે રહે છે. એમસીડીની ચૂંટણીમાં પૂર્વાંચલના મતદારોના મત મળી શકે તે માટે આ

● અનુસંધાન પાન-૭ પર

# કૂલભૂષણ જાદવની ફાંસીને તરત અમલી નહીં : મોહમ્મદ આસીફ

## ભારત તરફથી આકરી પ્રતિક્રિયા બાદ ખુલાસો : ભારતીય નાગરિક કુલભૂષણ જાદવને અપીલ કરવા માટે ત્રણ મંચ ઉપલબ્ધ : મોહમ્મદ આસીફની સાફ પ્રતિક્રિયા

નવીદિલ્હી, તા. ૧૨

પાકિસ્તાને જાસુસીના આરોપસર દોષિત ઠેરવવામાં આવેલા ભારતીય નાગરિક કુલભુષણ જાદવના મોતની સજા ઉપર વહેલી તકે અમલ કરવાનો ઈન્કાર કરી દીધો છે. પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા મોહમ્મદ આસીફ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. જાદવની મોતની સજા ઉપર તરત અમલ કરવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. પાકિસ્તાની અખબારના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આસીફ કહી ચુક્યા છે કે, કાયદા હેઠળ જાદવ માટે અપીલ માટે ત્રણ મંચ ઉપલબ્ધ છે. જાદવના પરિવાર સભ્યો મુંબઈમાં રહે છે. મંત્રીએ એમ પણ કહ્યું છે કે, જાદવની સામે કેસ આશરે સાડા ત્રણ મહિના સુધી ચાલ્યો હતો. પાકિસ્તાને જાદવને માર્ચ ૨૦૧૬માં પકડી પાડ્યો હતો. તેમનો આરોપ છે કે, તે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા રિસર્ચ એન્ડ એનાલીસીસ વિંગ રો સાથે જોડાયેલા હતા અને જાસુસી કરતા વિધ્વંસકારી પ્રવૃત્તિમાં સામેલ હતા. આસીફનું કહેવું છે કે, જાદવ પોતાને દોષિત ઠેરાવવામાં આવ્યા બાદ ૬૦ દિવસની અંદર પાકિસ્તાની સેનાની અપીલ અદાલતમાં અરજી કરી શકે છે. ત્યારબાદ તેઓ સેના પ્રમુખ તથા રાષ્ટ્રની સમક્ષ દયાની અરજી કરી શકે છે.

આસીફે ભારતના દાવાને ફગાવી દેતા કહ્યું છે કે, જો જાદવને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજા પર વહેલીતકે અમલ કરવામાં આવે છે તો આ એક પ્રકારની હત્યા રહેશે. તેમણે કહ્યુ હતું કે, સમગ્ર મામલામાં યોગ્ય કાયદાકીય પ્રક્રિયા અમલી કરવામાં આવી છે. મંત્રીનું કહેવું છે કે, પાકિસ્તાનની અખંડતા અને સુરક્ષાની સામે કાવતરા ઘડનાર તથા આતંકવાદી ગતિવિધિમાં સંડોવણી ધરાવનાર લોકોની સામે કોઈ કાર્યવાહીમાં રાહત આપવામાં આવશે નહીં. કુલભૂષણ જાદવ ઉપર ભારતની ચિંતાને પાકિસ્તાને ફગાવી દીધી છે. પાકિસ્તાનના સંરક્ષણમંત્રી આસીફે કહ્યું છે કે, કુલભૂષણ જાદવની પાસે ૬૦ દિવસની અંદર અપીલ કરવાનો અધિકાર છે.

# દૈનિક ભાસ્કર ગ્રુપના ચેરમેન રમેશચંદ્ર અગ્રવાલનું નિધન

## અમદાવાર એરપોર્ટ પર હૃદયરોગનો હુમલો : હાર્ટએટેક બાદ અપોલો હોસ્પિટલમાં લઈ જવાયા પછી અંતિમ શ્વાસ લીધા : પુત્ર ગિરીશ તરત અમદાવાદ પહોંચ્યા

અમદાવાદ, તા.૧૨

દૈનિક ભાસ્કર ગ્રુપના ચેરમેન રમેશચંદ્ર અગ્રવાલનું આજે હૃદયરોગનો હુમલો થતાં અવસાન થયું હતું. તેઓ ૭૨ વર્ષના હતા. રમેશચંદ્ર અગ્રવાલ પર અમદાવાદ વિમાની મથકે હૃદયરોગનો હુમલો થયો હતો. તેમને તરત જ અપોલો હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં તેમનું નિધન થયું હતું. તેમના અવસાનના સમાચારથી પત્રકાર જગતમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. અગ્રવાલ આજે સવારે ૯.૨૦ વાગ્યાની ફ્લાઈટમાં દિલ્હીથી અમદાવાદ માટે રવાના થયા હતા. તેઓ સવારે ૧૧ વાગ્યે અમદાવાદ પહોંચ્યા હતા, પણ ત્યાં એરપોર્ટ પર જ એમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. નિધનના સમાચાર મળતાં જ રમેશચંદ્ર અગ્રવાલના પુત્ર ગિરીશ અગ્રવાલ જેઓ મુંબઈ હતા તેઓ



ચાર્ટર પ્લાન દ્વારા સીધા અમદાવાદ દોડી આવ્યા હતા અને અપોલો હોસ્પિટલ જઈ સ્વ. રમેશ અગ્રવાલના પાર્થિવદેવને બપોરે અઢી

● અનુસંધાન પાન-૭ પર

